# ઘઉંનું ૪૮ લાખ ટનનું ઉત્પાદન સરકારી ખરીદી માત્ર ૨ ટકા ! ઘઉંની ખરીદી ૧.૧૫ લાખ મેટ્રિક ટનને વટાવી, જૂનાગઢ જિલ્લો પ્રથમ સ્થાને

## ઘઉંનો ટેકાનો ભાવ મણે રૂ. ૫૧૭ નક્કી કરવામાં આવ્યો છે.જોકે ખૂલ્લા બજારમાં સરેરાશ રૂ. ૪૫૦-૪૭૦ વચ્ચે ભાવ રહેતા હતા એટલે કિસાનોએ સરકારને એકાદ લાખ ટન ઘઉં આપ્યાં છે

રાજકોટ,લઘુત્તમ ટેકાના ભાવથી ઘઉંની ખરીદી પૂર્ણ થઈ છે. ઘઉંના નીચાં ભાવ છતાં સરકાર તરફથી ગુજરાતમાં માંડ એકાદ લાખ ટન જેટલા ઘઉં ટેકાના ભાવથી ખરીદવામાં આવ્યા છે. ઘઉંનો ટેકાનો ભાવ મણે રૂ. ૫૧૭ નક્કી કરવામાં આવ્યો છે.જોકે ખૂલ્લા બજારમાં સરેરાશ રૂ. ૪૫૦-૪૭૦ વચ્ચે ભાવ રહેતા હતા એટલે કિસાનોએ સરકારને એકાદ લાખ ટન ઘઉં આપ્યાં છે.ઘઉંનું ઉત્પાદન ગુજરાતમાં ૪૮ લાખ ટન થવાનો અંદાજ સરકારે છેલ્લાં આગોતરા અંદાજમાં વ્યક્ત કર્યો હતો. એ પૈકી માત્ર ૨ ટકા ઘઉં ખરીદવામાં આવ્યા છે. અલબત્ત મોટાંભાગના કિસાનોને ટેકાનો ભાવ પણ પસંદ ન હતો એટલે ઘઉંમાં તેજીની આશાએ સાચવી રાખવામાં આવ્યા છે. ગુજરાતના સત્તાવાર આંકડાઓ પ્રમાણે પુરવઠા નિગમે ૧,૧૫,૫૩૧ ટન ઘઉંની ખરીદી કરી છે. જૂનાગઢ જિલ્લામાં સૌથી વધુ ૧૯,૬૮૨.૯૦ ટન ઘઉંની ખરીદી નોંધાઈ છે. બીજા ક્રમે દેવભૂમિ દ્વારકામાં ૧૩,૫૯૨.૩૫ ટન, જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ૧૦,૨૫૨.૫૫ મેટ્રિક



ટન ખરીદી થઈ છે.

સરકારે અગાઉ ૧૫મી મે સુધી ખરીદી ચાલુ રાખી હતી. જોકે તે લંબાવીને ૧૫ જૂન સુધી કરવામાં આવ્યા છતાં નિગમને ખાસ જથ્થો મળ્યો નથી. એક ફ્લોર મિલર કહે છે, સરકારી કેન્દ્રો પર વેંચવામાં ખેડૂતોને રસ જ ન હતો. ખૂલ્લા બજારમાં વેંચીને ખેડૂતોએ રોકડી કરી લીધી છે. સક્ષમ ખેડૂતોએ ઘઉં સાચવ્યા છે એ તેજીની રાહમાં છે. જોકે ઘઉંનો વિરાટ જથ્થો દેશમાં ઉપલબ્ધ છે એવા સંજોગમાં હવે વરસાદની તંગી પ્રભાવ પાડી શકે છે. માર્કેટ યાર્ડમાં ઘઉંના ભાવ સરેરાશ રૂ. ૪૬૫-૫૧૦ સુધી ચાલે છે.બીજી તરફ ઉનાળુ બાજરીની સરકારી ખરીદી અત્યારે ચાલી રહી છે. ગુજરાતભરમાં ૫૧ હજાર ટન સુધી ખરીદી પહોંચી ચૂકી છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં સૌથી વધુ ખરીદી થતા કુલ જથ્થામાં નોંધપાત્ર વધારો થયો છે.પુરવઠા વિભાગે બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૮,૪૫૭.૨૫ ટનની ખરીદી કરી છે. વાવ-થરાદ વિસ્તારમાં ૮,૬૬૮.૪૦ ટન અને ખેડા જિલ્લામાં ૫,૨૪૭.૮૦ ટન ખરીદી કરી છે. બાજરીની ખરીદી હજુ ૧૫ જુલાઇ સુધી થવાની છે. સરકાર અગાઉ ૨ હજાર કિલો પ્રતિ ખેડૂત ખરીદી કરવાની હતી પણ તે બાદમાં વધારીને ૩૫૦૦ કિલો કરી દેવામાં આવી છે. ગુજરાતમાં ઉનાળુ બાજરીનું ઉત્પાદન વધારે થયું છે ત્યારે જથ્થો વધવાથી ખેડૂતોને લાભ મળશે.

# ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સ ન્યુ દિલ્હી દ્વારા રાજકોટમાં યોગ પ્રશિક્ષણ શિબિર યોજાઈ



રાજકોટ

ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સના નેશનલ ટ્રેઝરર અને રાજકોટના પ્રમુખ ભાવના જોશીપુરાની ઉપસ્થિતિમાં યોગ પ્રશિક્ષણ શિબિર યોજાઈ હતી. ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા દેશભરમાં મહિલા આરોગ્ય સંભાળના આયામ અનુસંધાને રાજકોટ ખાતે કાર્યક્રમ યોજાયેલ.


યોગ પ્રશિક્ષણ અલ્પાબેન તેમજ બિનલ મહેતાએ આ પ્રસંગે યોગ પ્રાણાયામની વિવિધ પધ્ધતિઓની સમજ આપી હતી. આ તકે જિલ્લા રક્ષક અધિકારી સીમાબેન શીંગાળા, નગરસેવિકા જાનવીબેન કાત્રોડિયા, મુખ્ય આયોજક અને ટોપલેન રેસીડેન્સીના સુવાહક પ્રોફેસર પ્રફુલ્લાબેન રાવલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# શાળા પ્રવેશોત્સવને સશકિતકરણનો મહાયજ્ઞ ગણાવતા રાજુ ધ્રુવ

## પ્રવેશોત્સવ માત્ર સરકારી કાર્યક્રમ નહીં સામાજિક ચળવળ છે : ભાજપ અગ્રણી

રાજકોટ

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ૨૪મી શ્રેણી અંતર્ગત શહેરની વિવિધ શાળાઓમાં ઉત્સાહભેર કાર્યક્રમો યોજાયા હતા. આ તકે પ્રદેશ ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવ વિવિધ ભાજપ અગ્રણીઓની ઉપસ્થિતિમાં જિલ્લા ગાર્ડન પાસે આવેલી પૃથ્વીરાજ ચૌહાણ પ્રાથમિક શાળા નં. ૪૮, ભક્તિનગર સર્કલ પાસે આવેલી પી. એન્ડ ટી. વી. શેઠ હાઈસ્કૂલ, ઢેબર રોડ સ્થિત શ્રી કડવીભાઈ વિરાણી કન્યા વિદ્યાલય, શ્રમજીવી સોસાયટી ખાતે આવેલી પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રાથમિક શાળા નં. ૬૫ તેમજ માસ્ટર સોસાયટી ખાતે આવેલી શ્રી કસ્તૂરબા હાઈસ્કૂલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે



નવનિયુક્ત વિદ્યાર્થીઓનું સ્વાગત કરી શાળા પ્રવેશ કરાવ્યો હતો તેમજ બાળકોને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ અભિયાનની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં માત્ર શિક્ષણ વિભાગ જ નહીં, પરંતુ સમગ્ર સરકાર બાળકો અને તેમના વાલીઓને મળવા સામેથી જાય છે. રાજ્યના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, વરિષ્ઠ અધિકારીઓ અને પદાધિકારીઓ છેવાડાની શાળાઓ સુધી પહોંચે છે. આ પ્રક્રિયાથી સરકાર અને પ્રજા વચ્ચે એક અતૂટ અનુસંધાન રચાય છે.

છેવાડાના ગામડાંના બાળકો અને તેમના વાલીઓને સરકારના સર્વોચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓને રૂબરૂ જોવા, મળવા અને સાંભળવાની અમૂલ્ય તક મળે છે. સામા પક્ષે, અધિકારીઓ અને પદાધિકારીઓને પણ શાળાઓની વાસ્તવિક સ્થિતિ અને માળખાકીય સુવિધાઓની સીધી માહિતી મળે છે. આ સંવાદ અને સંપર્કના પરિણામે શિક્ષણમાં, વિશેષ કરીને પ્રાથમિક શિક્ષણ અને તેમાં પણ છેવાડાના બાળકોના ભવિષ્યમાં ખૂબ મોટો સુધારો આવ્યો છે. આ પારદર્શક અભિગમ જ ભારતના ભવિષ્યને મજબૂત કરવાનું એક સબળ અભિયાન બની ચૂક્યો છે.

# આત્મીય યુની. અને એસઓજીના ઉપક્રમે યુવાધનને નશાની લતમાંથી બચાવવા ‘નો ડ્રગ્સ



## આત્મીય યુની. માં યોજાયેલ કાર્યક્રમમાં ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ માર્ગદર્શન પૂરું પાડ્યુંઃ મોટી સખ્યામાં યુવાનો જોડાયા

રાજકોટઃ દેશ અને રાજ્યના યુવાધનને ડ્રગ્સ અને નશાની જીવલેણ આદતોથી દૂર રાખવા માટે ’નો ડ્રગ્સ કેમ્પેઈન’ અંતર્ગત એક વિશેષ લોકજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ભારતમાં સૌથી મોટી એડવેન્ચર ઓર્ગેનાઈઝેશન ’ઇન્વિન્સિબલ’ દ્વારા આ મહત્વપૂર્ણ ઝુંબેશની શરૂઆત કરવામાં આવી છે.

’રાઈડ ફોર યુથ’ થીમ આધારિત આ કેમ્પેઈન આજે રાજકોટ આવી પહોંચ્યું હતું અને આત્મીય યુની. અને એસઓજીના સંયુક્ત ઉપક્રમે એક ડ્રગ્સ અવરનેશના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. હાલમાં મળતી વિગત મુજબ, ભારત સરકારના અહેવાલ મુજબ, દેશમાં ૧૦ થી ૧૭ વર્ષની ઉંમરના ૧.૫૮ કરોડથી વધુ સગીરો ડ્રગ્સના બંધાણી છે. તેમજ એઈમ્સ નવી દિલ્હીના રિપોર્ટ અનુસાર પંજાબના આશરે ૭૬% પરિવારોમાં ઓછામાં ઓછો એક વ્યક્તિ ડ્રગ્સનો બંધાણી છે.

ઇન્વિન્સિબલના કેમ્પઈનના જણાવ્યું મુજબ, આ દેશના યુવાનો જ ડ્રગ્સની ઝડપથી ફેલાતી સમસ્યા સામે મજબૂતાઈથી લડી શકે છે. આ સમસ્યા બેકાબૂ બને તે પહેલાં, આપણે સૌએ સાથે મળીને સમાજમાં ડ્રગ્સને કોઈ પણ સંજોગોમાં પ્રવેશવા ન દેવાનો સંકલ્પ લેવો પડશે. આ અભિયાન ખાસ કરીને પંજાબ અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યો ઉપરાંત અન્ય વિસ્તારોમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને યુવાનોને લક્ષ્ય બનાવીને કામ કરશે, જેથી તેઓ આ દૂષણનો ભોગ ન બને.

આ કાર્યક્રમ આત્મીય યુની.માં યોજાયો હતો.જેમાં આત્મીય યુની.ના ત્યાગવલ્લભ સ્વામી, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસઓજી પીઆઈ એન.બી.ચૌધરી, પીએસઆઇ વિ.વી.ધ્રાંગુ સહિતનો ટીમ અને આત્મીય યુની.ના વિદ્યાર્થીઓ સહિતના યુવકોએ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, અમદાવાદથી શરૂ થયેલી ’નો ડ્રગ્સ’ બાઈક રેલી કેમ્પેઈનમાં ૧૦ રાઈડર્સ સહિત કુલ ૩૦ લોકોની ટીમ કાર્યરત છે. અમદાવાદથી શરૂ થયેલી આ બાઈક રાઈડ અંતર્ગત સૌરાષ્ટ્રના ૧૧ શહેરોના ૩૦૦ થી ૩૫૦ જેટલા કેમ્પસ કવર કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

આ અભિયાન છેલ્લા ૪ વર્ષથી સક્રિય રીતે ચલાવવામાં આવી રહ્યું છે. રેલી દરમિયાન સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી શાળાઓ અને કોલેજોમાં સેમિનાર યોજીને ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૪ માં પણ ૧૧૦૦ કિલોમીટરની રાઈડ કરવામાં આવી હતી. આ વર્ષે પણ અંદાજે ૧૧૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડીને સૌરાષ્ટ્રના ૧૧ શહેરો કવર કરવામાં આવી રહ્યા છે.જેમાં સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, જામનગર, બોટાદ અને ભાવનગર જેવા મુખ્ય જિલ્લાઓનો સમાવેશ થાય છે. રાજકોટ શહેરમાં પણ ૨૨ સ્થળોએ ડ્રગ્સ અવરનેશના કાર્યક્રમ યોજાશે.

# પ્રવેશોત્સવ બાદ હવે શાળાઓની તપાસણીનો દૌર

## વધુ ફીની વસુલાત, નિયમોનો છેદ ઉડાડી વર્ગખંડોમાં નિયત કરતા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ સહિતના મુદ્દે શિક્ષણાધિકારીની ટીમ દ્વારા હાથ ધરાશે તપાસ

રાજકોટ

રાજકોટ શહેર-જિલ્લામાં શાળા પ્રવેશ અને કન્યા કેળવણી મહોત્સવ ધામધૂમથી ઉજવાયા બાદ હવે શિક્ષણ અધિકારીની ટીમ દ્વારા શાળાઓની તપાસણીનો દોર હાથ પર લેવામાં આવનાર છે.

જેમાં શાળાઓમાં વધુ ફીની વસુલાત, નિયમોનો છેદ ઉડાડી વર્ગખંડોમાં નિયત કરતા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ, વર્ગ વધારાની મંજુરી સહિતના મુદ્દે તપાસ શરૂ કરવામાં આવનાર છે. શિક્ષણાધિકારી કચેરીના સુત્રોએ આ સંદર્ભે જણાવ્યું હતું કે શાળા પ્રવેશ અને કન્યા કેળવણી મહોત્સવમાં બાલવાટીકા તેમજ પ્રાથમિક અને માધ્યમીક શાળાઓમાં વિદ્યાર્થીઓના વાજતે ગાજતે નામાંકન કરવામાં આવેલ હતા.



શાળા પ્રવેશોત્સવ દરમ્યાન આઈએએસ, આઈપીએસ, આઈએફએસ સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓ અને વહીવટી અધિકારીઓએ શૈક્ષણિક સંસ્થાઓમાં ઉપસ્થિત રહી બાળકો અને તેમના વાલીઓનો ઉત્સાહ વધાર્યો હતો. રાજ્ય સરકારના આ અભિયાનના પગલે વિદ્યાર્થીઓના ડ્રોપ આઉટ રેશીયામાં ખાસ્સો ઘટાડો નોંધાયો છે.

શાળા પ્રવેશોત્સવ બાદ હવે રાજકોટ શહેર-જિલ્લાની શાળાઓમાં તપાસણીનું અભિયાન શરૂ કરવામાં આવનાર છે. આ સંદર્ભે શિક્ષણ અધિકારી કચેરીના સુત્રોએ જણાવ્યું હતું કે જે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી નિયમ કરતા વધુ ફીની વસુલાતની ફરીયાદ મળી હશે તો તેની તપાસ કરવામાં આવશે. તેની સાથોસાથ વર્ગખંડોમાં નિયત કરતા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ વર્ગોના વધારાની મંજૂરી, વિદ્યાર્થીઓની સંખ્યા સહિતની બાબતોની તપાસ શિક્ષણ અધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષકો દ્વારા કરવામાં આવનાર છે.

રાજકોટ શહેર-જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓની તપાસ માટે શિક્ષણ અધિકારી કચેરી દ્વારા તજ્ઞો તૈયાર કરી દેવામાં આવેલ છે જો કે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સૌરાષ્ટ્રના મહત્વના એવા રાજકોટ જિલ્લા માટે શહેર અને ગ્રામ્યની બે અલગ અલગ શિક્ષણ અધિકારીની જગ્યા મંજૂર કરી હોવા છતા આ બન્ને જગ્યાઓ હજુ ભરવામાં આવી ન હોય અનેક પ્રશ્નો ઉપસ્થિત થઈ રહ્યા છે. ત્યારે આ બન્ને જગ્યા શિક્ષણ વિભાગ દ્વારા તત્કાલ ભરવામાં આવે તેવો પણ સુર ઉઠવા પામેલ છે.

# ભારતમાં દસ જગ્યાએ અને વિદેશમાં છ જગ્યાએ બ્લડ ડોનેશન કેમ્પ કરી જન્મ દિવસની ઉજવણી કરી

## કોઠારી ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ (કે.જી.કે.ગ્રૂપ) ના ચેરમેન નવરતન કોઠારીના જન્મદિવસની પ્રેરણાત્મક ઉજવણીઃવૃક્ષારોપણ અને વિવિધ સામાજિક કાર્ય પણ યોજાયા

રાજકોટઃ

જસદણ સહિત દેશમાં અનેક જગ્યાએ હીરાના કારખાના, ઓફિસો અને વિદેશમાં પણ અનેક દેશોમાં ઓફિસ ધરાવતા કે.જી.કે. ગ્રુપના ચેરમેનના જન્મદિવસની ઉજવણી સેવાકીય પ્રકલ્પો સાથે કરવામાં આવી હતીહ

કોઠારી ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ (કે.જી.કે.)ગ્રુપની હીરાની એક ફેક્ટરી જસદણ ખાતે પણ આવેલી છે ગ્રુપના ચેરમેન નવરતન કોઠારીના ૮૪ માં જન્મદિવસની ઉજવણી જસદણ સહિત ભારત દેશમાં આવેલ ૧૦ જગ્યાએ અને વિદેશમાં ૬ જગ્યાએ બ્લડ ડોનેશન કેમ્પ,વૃક્ષારોપણ તથા સેવાકીય માધ્યમોથી ઉજવવામાં




આવી હતી.

જસદણ ખાતે યોજાયેલ આ કાર્યક્રમનો ધર્માનંદસ્વામી દ્વારા દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, કે.જી.કે. ગ્રુપના મેન્યુફેક્ચર વિભાગના વડા નીતિનકુમાર ડઢ્ઢા,નીરજકુમાર શર્મા, જસદણ ડી.વાય.એસ. પી.ડો. નવીનચંદ્ર ચક્રવર્તી, દિનેશભાઈ બાંભણિયા,વિનુભાઈ ધડુક, રમેશભાઈ હિરપરા, પંકજભાઈ ચાવ,અશોકભાઈ ધાધલ, મધુભાઈ છાયાણી, વિજયભાઈ રાઠોડ, સાગરભાઈ, નરેશભાઈ દરેડ, ભોળાભાઈ ગોહિલ, અવસરભાઈ નાકિયા, ભરતભાઈ છાયાણી,રમાબેન મકવાણા, અલ્પેશભાઈ રૂપારેલીયા, અનિલભાઈ મકાણી, દીપુભાઈ ગીડા,અમૃતભાઈ સહિત જસદણના રાજકીય અગ્રણીઓ, સામાજિક અને સેવાકીય સંસ્થાના આગેવાનો આ સેવાકીય યજ્ઞમાં ઉપસ્થિત રહી ચેરમેનને જન્મ દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે ભારતમાં ૧૦ જગ્યાએ તેમજ વિદેશમાં સાઉથ આફ્રિકા,બોત્સવાના,નામીબિયા, થાઈલેન્ડ,હોંગકોંગ અને ચીનમાં પણ એક સાથે જન્મદિવસ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજી કે.જી.કે. ગ્રુપે સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સે ‘સંપૂર્ણ કેર - કેન્સર’ અને ‘સંપૂર્ણ કેર — કેન્સર ફંડ’ લોન્ચ કર્યા

## પરિવારની જરૂરિયાત મુજબ કસ્ટમાઈઝ કરી શકાય તેવી આવકના વિકલ્પ અને ફ્લેક્સિબલ ચુકવણીની સુવિધા

મુંબઈ, ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સે ‘સંપૂર્ણ કેર - કેન્સર’ લોન્ચ કર્યું છે, જે ટાટાએઆઈએનો પ્રથમ એવો કેન્સર પ્લાન છે જે આવકના વિકલ્પ (ઇક્રમ રિપ્લેસમેન્ટ) સાથે આવે છે અને જેમાં દરેક પરિવારની જરૂરિયાત અનુસાર ફ્લેક્સિબલ ચુકવણીના વિકલ્પ ઉપલબ્ધ છે. કંપનીએ સાથે સાથે ‘સંપૂર્ણ કેર - કેન્સર ફંડ’ પણ રજૂ કર્યું છે, જેમાં બચત આધારિત હેલ્થ ફંડ ઉમેરવાનો વિકલ્પ છે, જેઆરોગ્ય સારવાર માટે કરમુક્ત ઉપાડની સુવિધા આપે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની ઈન્ટરનેશનલ એજન્સીફોર રિસર્ચ ઓન કેન્સરના આંકડા મુજબ ભારતમાં દર વર્ષે ૧૫.૭ લાખથી વધુ લોકોને કેન્સરનું નિદાન થાય છે. કેન્સર ઈન્શ્યોરન્સ અંગે જાગૃતિ વધી છે, પરંતુ એક મહત્વપૂર્ણ પાસાની હજુ પણ મોટા ભાગે અવગણના થાય છે. ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સના ચીફ બિઝનેસ ઓફિસર - પ્રોપ્રાયટરી બિઝનેસ, પ્રપોઝિશન્સ એન્ડ માર્કેટિંગ સુજીત કોઠારેએ જણાવ્યું હતું કે, “ભારતીય પરિવારમાં કેન્સરનું નિદાન ભાવનાત્મક અનેનાણાંકીય બંને રીતે ભારે અસરકારક બની શકે છે. દર્દીને સંપૂર્ણ સ્વસ્થ થવા અને ફરીથી કમાણી કરવાની ક્ષમતા મેળવવા માટે સમયની જરૂર પડે છે, જેના કારણે નિયમિત આવકમાં વિક્ષેપ આવી શકે છે.” તેમણે વધુમાં કહ્યું હતું કે, “આ બંને પ્રોડક્ટ મળીને આ પડકારના દરેક પાસાંને આવરી લે છે - પ્રથમ દિવસથી મળતા ક્લેઈમ, આવકના વિકલ્પ, લાંબા ગાળાની બચતની સતતતા અને વિશ્વસ્તરીય સારવાર સહાયતા સુધી. ભારતીય પરિવારોને એવી સુરક્ષા મળવી જોઈએ જે સમસ્યા જેટલી જ વ્યાપક હોય ટાટા એઆઈએ સંપૂર્ણ કેર - કેન્સર, ટાટા એઆઈએ સંપૂર્ણ કેર પ્રોડક્ટનું એક વેરિઅન્ટ નામ છે. ટાટા એઆઈએ સંપૂર્ણ કેર એક નોન-પાર્ટિસિપેટિંગ, નોન-લિંક્ડ ઈન્ડિવિડ્યુઅલ હેલ્થ પ્રોડક્ટ છે

# ’હર હર મહાદેવ’ના નાદ સાથે અમરનાથ યાત્રા જવા રાજકોટથી પહેલી ટુકડી રવાના

રાજકોટ

આગામી તા.૩જીના શુક્રવારથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થઇ રહ્યો છે, ‘હર હર મહાદેવ’ના ગગનભેદીના નાદ સાથે હજારો શ્રધ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરીને ધન્યતા અનુભવશે પવિત્ર અમરનાથની યાત્રા ૫૭ દિવસ સુધી ચાલશે અને આગામી તા.૨૮મી ઓગષ્ટ-રક્ષાબંધનના પવિત્ર દિને યાત્રાનું સમાપન થશે.



આજે રાજકોટથી અમરનાથ યાત્રા જવા માટેની પહેલી ટુકડી હર હર મહાદેવના નાદ સાથો રાજકોટ રેલવે સ્ટેશન પરથી રવાના થઇ છે.

# ડો.શ્યામાપ્રસાદ મુખરજી જન્મજયંતી સ્મૃતિ પખવાડિયા અંતર્ગત રકતદાન કેમ્પ યોજાયો



રાજકોટઃડો. શ્યામા પ્રસાદ મુખરજી જન્મ જયંતી પખવાડીયાના અંતર્ગત રકતદાન કેમ્પના રાજકોટ મહાનગરના સંયોજક યુવા મોરચાના મંત્રી જય બોરીયા, સહસંયોજક યુવા મોરચાના કાર્યાલય મંત્રી રાહુલ રાઠોડ અને શહેર યુવા મોરચા મંત્રી મોહિત શિયાળની જવાબદારી હેઠળ વિધાનસભા-૬૮ માં ભોજલરામ કોમ્યુનીટી હોલ, સંતકબીર રોડ ખાતે રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

